**નામદાર ગુજરાત હાઈકોર્ટે નોટીફીકેશન નં.C.2001/93,તા.૨૦–૫–૨૦૨૨ માં ઠરાવેલ પ્રોફોર્મા મુજબઃ–**

**આંક–૩૦**

**ફોર્મ–'એ'**

**અમદાવાદ શહેરનાં મે. એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ નં.૪, અમદાવાદ શહેર સમક્ષ.**

**એચ. એચ. ઠક્કર, એડીશ્નલ સેશન્સ જજ.**

**[ચુકાદાની તારીખઃ ૧૧/૧૦/૨૦૨૩]**

**[ સેશન્સ કેસ નં.૫૧૨/૨૦૨૧]**

**(એફ.આઈ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન)**

બાપુનગર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજીસ્ટર નંબર ૧૧૧૯૧૦૦૭૨૧૦૨૫૯/૨૦૨૧

ગુનોઃ–**ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબ.**

પોલીસ સ્ટેશનઃ– બાપુનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર.

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર (સ્ટેટ ઑફ ગુજરાત)<br>(મૂળ ફરિયાદીઃજાનવીબેન વા/ઓ હીતેશકુમાર ચંદુભાઈ સોની) |
| વિ.મ.સ.વ. મારફતે | વિદ્ધાન મદદનીશ સરકારી વકીલ શ્રી એ. એ. ત્રિવેદી |
| આરોપી | ચંદ્રસાગર ઉર્ફે રાહી બબરૂવાન ઘમંડે,<br>ઉ.વ.૨૬,<br>રહે. રબારીવાસ, મોહનભાઈ તમંચેના મકાનમાં, ઘાસીનગર, સુભાષનગર, નોબલનગર, અમદાવાદ શહેર. |
| આરોપી તરફે વિ.વ.શ્રી | આરોપી તરફે વિદ્ધાન વકીલ શ્રી કે. એસ. તમાયચે |

**ફોર્મ–'બી'**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | તા.૬–૨–૨૦૨૧ |
| ફરિયાદની તારીખ | તા.૨૨–૨–૨૦૨૧ |

| | |
|---|---|
| ચાર્જશીટની તારીખ | તા.૨૭–૪–૨૦૨૧ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | તા.૨૫–૪–૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | તા.૨–૬–૨૦૨૨ |
| ચુકાદો સંરક્ષિત રાખ્યાની તારીખ | તા.૧૧–૧૦–૨૦૨૩ |
| ચુકાદાની તારીખ | તા.૧૧–૧૦–૨૦૨૩ |
| સજાના હુકમની તારીખ,જો કોઈ હોય તો. | –– |

## **આરોપીની વિગતઃ–**

| **આરોપી નંબર** | **આરોપીનું નામ** | **ધરપકડની તારીખ** | **જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની તારીખ** | **ક્યા ગુનાનો આક્ષેપ છે** | **નિર્દોષ છોડવામાં આવ્યા કે કસૂરવાર** | **શું સજા કરી** | **સીઆર.પી.સી.નીકલમ ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ચંદ્રસાગર ઉર્ફે રાહી બબરૂવાન ઘમંડે | ૦૮/૦૩/૨૦૨૧ | જેલમાં છે. | ઈ.પી.કો.ક. ૩૭૯(ક)૩, ૧૧૪ મુજબ. | નિર્દોષ | –– | –– |

## **ફોર્મ–'સી'**

## **ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં શાહેદોનું લીસ્ટ.**

## **એ. ફરિયાદ પક્ષ તરફેઃ–**

| **શાહેદ નંબર** | **નામ** | **ક્યા પ્રકારનો શાહેદ/પુરાવો** |
|---|---|---|
| ૧ | નિરજભાઈ ઉત્તમચંદ અગ્રવાલ (આંક–૬) | ગુનાવાળી જગ્યાના પંચનામાનાં પંચ શાહેદ. |
| ૨ | રાહુલ રામદત્ત શ્રીવાસ (આંક–૧૪) | ગુનાવાળી જગ્યાના પંચનામાનાં પંચ શાહેદ. |
| ૩ | જહાનવીબેન હિતેષભાઈ સોની (આંક–૧૮) | ફરિયાદી |
| ૪ | હિતેષ ચંદુભાઈ સોની (આંક–૨૦) | ફરિયાદીનાં પતિ |
| ૫ | અલ્તાફહુસૈન આબીદઅલી અંસારી (આંક–૨૧) | આરોપીની શરીરસ્થિતિનું તથા અંગઝડતીમાંથી મળેલ મુદ્દામાલ કબજે કર્યાના પંચનામાના પંચ શાહેદ. |

| | | |
|---|---|---|
| ૬ | સંજયકુમાર બળદેવભાઈ દેસાઈ(આંક–૨૫) | આરોપીની અટક કરનાર પોલીસ શાહેદ. |
| ૭ | મુકેશકુમાર રશ્મીકાંત શેઠ (આંક–૨૬) | તપાસ કરનાર અમલદાર |

## બી. બચાવ પક્ષનાં શાહેદો, જો કોઈ હોય તોઃ–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં શાહેદો, જો કોઈ હોય તોઃ–

| શાહેદ નંબર | નામ | ક્યા પ્રકારનો શાહેદ/ પુરાવો |
|---|---|---|
| –– | –– | –– |

## ફરિયાદ પક્ષ/બચાવ પક્ષ/કોર્ટનાં આંકે પડેલ દસ્તાવેજોનું લીસ્ટ.

## એ. ફરિયાદ પક્ષ તરફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| ૧ | ૭ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| ૨ | ૧૯ | અસલ ફરિયાદ. |
| ૩ | ૨૨ | આરોપીનું શરીરસ્થિતિનું તથા મુદ્દામાલ કબજે કર્યાનું પંચનામું. |

## બી. બચાવ પક્ષ તરફેઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

## સી. કોર્ટનાં આંકોઃ–

| અનુક્રમ નંબર | આંકનો નંબર | વર્ણન |
|---|---|---|
| –– | –– | –– |

**ડી. મુદ્દામાલઃ–**

| અનુક્રમ નંબર | મુદ્દામાલ નંબર | વર્ણન |
|---|---|---|
| મુદ્દામાલ નથી. | | |

## –: ચુ કા દો :–

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી જાનવીબેન વા/ઓ હીતેશકુમાર ચંદુભાઈ સોની–નાઓએ તા.૨૨/૦૨/૨૦૨૧ ના રોજ ઈન્વે. હેડ. કોન્સ., બાપુનગર પોલીસ સ્ટેશન, અમદાવાદ શહેર–નાઓ રૂબરૂ હાલના ગુના અંગેની ફરિયાદ નોંધાવેલી, જે ફરિયાદ આ કામે આંક–૧૯ થી રજૂ થયેલ છે, જે ફરિયાદની ટૂંકમાં હકીકત એવા પ્રકારની છે કેઃ–

" ...ગઈ તા–૦૬/૦૨/૨૦૨૧ ના રાતના આશરે સાડા નવેક વાગ્યાના સુમારે જમી પરવારી મારા ઘરેથી હુ તથા મારો દીકરો જયદીપ નાઓ બન્ને જણા ચાલવા નીકલેલા અને બાપુનગર ટોલનાકા સુધી ચાલતા ચાલતા આવેલા અને ત્યાંથી પરત મારા ઘર તરફ જતા હતા તે સમયે રાતના આશરે સવા દસેક વાગ્યાના સુમારે ઈન્ડીયા કોલોની રોડ ચાંદની ભાજીપાઉની બાજુમાં આવેલ નંદી એપાર્ટમેન્ટ આગળ રોડ પરથી ચાલતા ચાલતા જતા હતા તે સમયે અમારી પછકની બાજુએથી એક મોટર સાયકલ પર બે અજાણ્યો માણસો ઉવ–આશરે ૩૦ થી ૩૫ વર્ષનો અને શરીરે મધ્યમ બાંધાનો મોઢા ઉપર રૂમાલ બાંધેલ અને શરીરે કાળા કલરના કપડા પહેરેલ જે તેમની મોટર સાયકલ ચલાવી લઈ એકદમ મારી પાસે આવી ગયેલો અને પાછળ બેસેલ ઈસમે મારા ગળામાં હાથ નાખી મારા ગળામો પહેરેલ મારી આશરે ૧૫ ગ્રામ વજનની સોનાની ચેઈન તોડી

લઈ ઠક્કરનગર નેશનલ હાઈવે નં–૮ તરફ ભાગી ગયેલ અને અમો તેની પાછળ દોડેલા પરંતુ મોટર સાયકલનો નંબર પ્લેટ પણ ના હોય અને તે ઠક્કરનગર ચાર રસ્તાથી કઈ તરફ જતો રહેલ તેની મને જાણ નથી બાદ અમો ઘરે ગયેલા અને મારા પતિને જાણ કરેલ અને જે તે અમો ગભરાઈ ગયેલા અને જે તે સમયે અમારા ઘરમાં લગ્નનો પ્રસંગ હોય અને કામમાં વ્યસ્ત હોય જેથી આજરોજ અત્રે મારા પતિ સાથે ફરીયાદ કરવા આવેલ છુ તો તે બે અજાણ્યા ઈસમો ઉ.વ.૩૦ થી ૩૫ ના આશરાના જેમના મોઢાના ભાગે રૂમાલ બોધેલ હતો અને કાળા કલરના કપડા પહેરેલ ઈસમોમાંથી પાછળ બેસેલ ઈસમે મારા ગળામાં પહેરેલ સોનાની આશરે ૧૫ ગ્રામ વજનની બોળાકાર ભાતની સોનાની પેંડલ સાથેની ચેઈન કિંમત રૂ.૫૦,૦૦૦/– ની પહેરેલ હતી તે ચેઈન ઝુંટવી તોડી લઈ ભાગી ગયેલ હોય મારી તે અજાણ્યા ઈસમો વિરુધ્ધ કાયદેસર તપાસ થવા ફરિયાદ છે..."

(૨) ફરિયાદીની ઉપરોક્ત ફરિયાદને આધારે હાલના આરોપી વિરૂદ્ધ બાપુનગર પોલીસ સ્ટેશન પાર્ટ–એ ગુના રજી.નં.૧૧૧૯૧૦૦૭૨૧૦૨૫૯/૨૦૨૧ થી ઈ. પી. કો. કલમ–૩૭૯(ક)(૩),૧૧૪ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરવામાં આવેલ. ત્યારબાદ તપાસનાં અંતે હાલના આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા પૂરતો પુરાવો મળી આવતાં, હાલના આરોપી વિરૂદ્ધ ઈ. પી. કો. કલમ–૩૭૯(ક)(૩),૧૧૪ મુજબનું ચાર્જશીટ એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટશ્રી, કોર્ટ નં.૧૪, અમદાવાદ શહેર સમક્ષ તા.૨૭–૪–૨૦૨૧ ના રોજ રજૂ કરવામાં આવેલ, જે ચાર્જશીટને રજીસ્ટરે લઈ, તા.૨૮–૪–૨૦૨૧ ના રોજ ક્રિમીનલ કેસ નં.૪૮૪૧૫/૨૦૨૧ આપવામાં આવેલ. ત્યારબાદ વિદ્ધાન એડી. ચીફ

મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૪, અમદાવાદ–નાઓએ આરોપીને કોર્ટ રૂબરૂ હાજર કરાવી, તેમની આંક–૩ થી પ્લી લઈ, આરોપીને તેમની સામેના પોલીસ કેસના તમામ કાગળોની નકલો મળ્યાની ખરાઈ કરેલ. ત્યારબાદ સદર કેસ સેશન્સ ટ્રાયેબલ કેસ હોવાથી અને તેઓને આ ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા ન હોવાથી, વિદ્વાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૪, અમદાવાદ–નાઓએ તા.૨૭–૮–૨૦૨૧ ના રોજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૯ અન્વયે ક્રિમીનલ કેસ નં.૪૮૪૧૫/૨૦૨૧ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ ખાતે કમીટ કરતો હુકમ કરેલ. ત્યારબાદ વિદ્વાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૧૪, અમદાવાદ–નાઓએ તેમના જાવક નંબર ૪૦૨/૨૦૨૧, તા.૩૦–૧૦–૨૦૨૧ વાળા ફોરવર્ડીંગ લેટરથી ક્રિમીનલ કેસ નં.૪૮૪૧૫/૨૦૨૧ નું અસલ રેકર્ડ વધુ ઈન્સાફી કાર્યવાહી સારુ અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદને મોકલી આપેલ, જે આધારે અત્રે સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ, અમદાવાદ–માં સદર કેસને **સેશન્સ કેસ નં.૫૧૨/૨૦૨૧** આપી, તા.૩૦–૧૦–૨૦૨૧ ના રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામેનો કેસ સેશન્સ કમીટ થઈ સૌપ્રથમ ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેના વિદ્વાન જજશ્રી, સિટી સેશન્સ કોર્ટ નં.૨૭, અમદાવાદ શહેર–નાઓને તબદીલ થયેલ. ત્યારબાદ વિદ્વાન જજશ્રી, સિટી સેશન્સ કોર્ટ નં.૨૭, અમદાવાદ શહેર–નાઓએ હાલના આરોપીને કોર્ટ રૂબરૂ હાજર કરાવી, આરોપી વિરૂદ્ધ આંક–૪ થી ભારતીય દંડ સંહિતાની કલમ–

૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુના સબબનું તહોમતનામું ફરમાવી, આરોપીને સદર તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી, તે અંગે આરોપીનો આંક–૫ થી જવાબ નોંધતા, આરોપીએ તેમની સામેના તહોમતોનો ઈન્કાર કરતા, હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ. ત્યારબાદ હાલનો કેસ અત્રેની અદાલતમાં ટ્રાન્સફર થયેલ છે.

(૪) આ કામે હાલના આરોપી વિરૂદ્ધ આંક–૪ થી જે તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે તહોમતનામામાં આ કામના આરોપી વિરૂદ્ધ એવું તહોમત મૂકવામાં આવેલ છે કેઃ–

" ...તમો આરોપી તથા ભાગેડું આરોપી વિકાશ નિતેષ બંગાલીનાઓએ ગઈ તા.૬–૨–૨૦૨૧ ના કલાક ૨૨ઃ૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ઈન્ડિયા કોલોની રોડ, ચાંદની ભાજીપાઉની બાજુમાં આવેલ નંદી એપાર્ટમેન્ટ આગળ જાહેર રોડ ઉપર મોટરસાયકલ પાછળની બાજુથી ચલાવી લઈ આવી, મોટરસાયકલની પાછળ બેસેલ આરોપીએ ફરિયાદી જાનવીબેન વાઈફ ઑફ હીતેશકુમાર ચંદુભાઈ સોનીનાં ગળામાં પહેરેલ સોનાની આશરે ૧૫ ગ્રામ વજનની પટ્ટી તથા વળવાળી ભાતની ચેઈન, કે જેની કિંમત આશરે રૂ.૫૦,૦૦૦/– ની થાય છે, તે ચેઈન ઝૂંટવી તોડી લઈ ભાગી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે.

ઉપરોક્ત ગુનાઓ અંગેની ઈન્સાફી કાર્યવાહી ચલાવવાની સત્તા મને હોઈ, તમો આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુનાઓ સંબંધેની ઈન્સાફી કાર્યવાહી આ અદાલતમાં ચલાવવાનો હું આદેશ ફરમાવું છું..."

(૫) ફરિયાદ પક્ષે રજૂ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું વર્ણન આ ચુકાદામાં આગળ '**ફોર્મ–સી**'નાં ફોર્મેટમાં કરેલ છે, જેથી પુરાવાનાં વર્ણનનું પુનરાવર્તન ટાળવાના શુભ હેતુથી અત્રે પુરાવાનું વર્ણન ફરીથી કરવામાં આવતું નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

(૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ આંક–૨૭ થી પુરાવા બંધની પુરશીષ રજૂ કરી, સદર કામમાં તેઓએ જરૂરી દસ્તાવેજી પુરાવાઓ અને મૌખિક પુરાવાઓ રજૂ કરેલ છે, હવેપછી કોઈ પુરાવા રજૂ કરવાના રહેતા ન હોઈ, જેથી પુરશીષથી પુરાવો બંધ કરેલાનું જાહેર કરેલ છે. ફરિયાદ પક્ષનો પુરાવો પૂરો થયા બાદ આરોપીને બચાવ અંગે વાજબી તક મળી રહે તે માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલા, જેમાં આરોપીએ ફરિયાદ પક્ષનાં પુરાવાનો ઈન્કાર કરી, તેઓને જાતે જુબાની આપવી છે અને બચાવનાં શાહેદો તપાસવા છે તેવું જણાવેલ, પરંતુ ત્યારબાદ આરોપીએ જાતે જુબાની આપેલ નથી કે બચાવના શાહેદો તપાસેલા નથી. સદર વિશેષ નિવેદનમાં તેઓએ વિશેષમાં જણાવેલ છે કે,"મારા ઉપર ખોટો કેસ કરવામાં આવેલો છે. હું તદ્દન નિર્દોષ છું."

(૭) ફરિયાદ પક્ષ તરફે વિદ્વાન મદદનીશ સરકારી વકીલ શ્રી એ. એ. ત્રિવેદીની મૌખિક દલીલો સાંભળવામાં આવી. આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી કે. એસ. તમાયચેએ આંક–૨૯ વાળી લેખિત દલીલો રજૂ કરેલ છે, જે વંચાણે લીધેલ છે.

(૮) બંને પક્ષની દલીલો, તેમજ રેકર્ડ પર રજૂ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય સારુ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>મુદ્દા</u>**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપી તથા ભાગેડું આરોપી વિકાશ નિતેષ બંગાલીનાઓએ ગઈ તા.૬–૨–૨૦૨૧ ના કલાક ૨૨ઃ૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ઈન્ડિયા કોલોની રોડ, ચાંદની ભાજીપાઉની બાજુમાં આવેલ નંદી એપાર્ટમેન્ટ આગળ જાહેર રોડ ઉપર મોટરસાયકલ પાછળની બાજુથી ચલાવી લઈ આવી, મોટરસાયકલની પાછળ બેસેલ આરોપીએ ફરિયાદી જાનવીબેન વાઈફ ઑફ હીતેશકુમાર ચંદુભાઈ સોનીનાં ગળામાં પહેરેલ સોનાની આશરે ૧૫ ગ્રામ વજનની પટ્ટી તથા વળવાળી ભાતની ચેઈન, કે જેની કિંમત આશરે રૂ.૫૦,૦૦૦/– ની થાય છે, તે ચેઈન ઝૂંટવી તોડી લઈ ભાગી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે?

૨. શું હુકમ ?

(૯) ઉપરોક્ત મુદ્દાના નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણયો</u>**

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોક્ત મુદ્દાઓનાં નિર્ણયો માટેના કારણો નીચે મુજબ છેઃ–

## –: <u>કા ર ણો</u> :–

(૧૧) ફરિયાદ પક્ષનાં વિદ્વાન એ. પી. પી. શ્રી એ. એ. ત્રિવેદી–નાઓએ ભારપૂર્વક જણાવેલ છે કે, આ કામના આરોપી તથા ભાગેડું આરોપી વિકાશ નિતેષ બંગાલીનાઓએ ગઈ તા.૬–૨–૨૦૨૧ ના કલાક ૨૨ઃ૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ઈન્ડિયા કોલોની રોડ, ચાંદની ભાજીપાઉની બાજુમાં આવેલ નંદી એપાર્ટમેન્ટ આગળ જાહેર રોડ ઉપર મોટરસાયકલ પાછળની બાજુથી ચલાવી લઈ આવી, મોટરસાયકલની પાછળ બેસેલ આરોપીએ ફરિયાદી જાનવીબેન વાઈફ ઑફ હીતેશકુમાર ચંદુભાઈ સોનીનાં ગળામાં પહેરેલ સોનાની આશરે ૧૫ ગ્રામ વજનની પટ્ટી તથા વળવાળી ભાતની ચેઈન, કે જેની કિંમત આશરે રૂ.૫૦,૦૦૦/– ની થાય છે, તે ચેઈન ઝૂંટવી તોડી લઈ ભાગી જઈ, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા હોવાનું ફરિયાદ પક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓથી પુરવાર કરેલ છે. ફરિયાદ પક્ષે તપાસેલા ફરિયાદી તથા શાહેદોની જુબાનીઓમાંથી આ કામના આરોપીએ ફરિયાદીનાં ગળામાંથી સોનાની ચેઈન ઝૂંટવી તોડી લીધેલ હોવાનું પુરવાર થયેલ છે. તે સંજોગોમાં આરોપી સામે ફરમાવેલ તહોમતનામા મુજબના તહોમતો ફરિયાદ પક્ષે પુરવાર કરેલા હોય, આરોપીને સખતમાં સખત સજા કરવા વિનંતી કરેલ છે.

(૧૨) આરોપીનાં વિદ્વાન વકીલશ્રીએ આંક–૨૯ થી લેખિત દલીલો રજૂ કરેલી છે, જે વંચાણે લીધેલ છે તેમજ મૌખિક દલીલો પણ કરેલ છે, જે સાંભળેલ

છે. આરોપી તરફે એવી દલીલ થયેલ છે કે, હાલના ગુનાની ફરિયાદ બે અજાણ્યા શકમંદ વિરૂદ્ધ નોંધાવવામાં આવેલી છે. ફરિયાદી જહાનવીબેને તેમની જુબાનીમાં આરોપી હાજર હોય તો ઓળખી શકે નહીં તેવું જણાવેલ છે, જેથી ફરિયાદીની જુબાનીથી ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળતું નથી. આ કામે મુદ્દામાલ સોનાની ચેઈન રિકવર થયેલી હોય તેવું જાણી શકાયું નથી. ફરિયાદ પક્ષે તપાસેલ પંચ શાહેદ અલ્તાફહુસેન અન્સારીએ તેમની જુબાનીમાં એવું જણાવેલ છે કે, તેમની રૂબરૂ પોલીસે કોઈ મુદ્દામાલ કબજે કર્યો હોય તેવું બનેલ નથી. આરોપીને તેઓ ઓળખતા નથી. આમ, આ પંચ શાહેદની જુબાનીથી પણ ફરિયાદ પક્ષના કેસને સમર્થન મળતું નથી. આરોપીની કોઈ ઓળખપરેડ કરાવવામાં આવી નથી. તપાસ કરનાર અમલદાર સંજયકુમાર બળદેવભાઈ દેસાઈએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, આ ગુનાના કામની કઈ ચેન હતી અને તેનું કેટલું વજન હતું તે તેમને ખબર નથી. જેથી આ કામના તપાસ કરનાર અધિકારી પણ ચોરીમાં રિકવર થયેલ ચેન બાબતે કોઈપણ જાતનું સમર્થન આપતા નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી વિરૂદ્ધનો ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા વિનંતી કરેલ છે.

**<u>મુદ્દા નં.૧ઃ</u>–**

(૧૩) આ કામે ફરિયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ શાહેદોની મૌખિક જુબાનીઓ જોવામાં આવે તો, ફરિયાદ પક્ષ તરફે આંક–૧૮ થી શાહેદ નં.**3** તરીકે **ફરિયાદી જહાનવીબેન હિતેષભાઈ સોની**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ ફરિયાદીએ તેમની **સરતપાસ**માં એવું જણાવેલ છે કે,"હું ઉપરોક્ત સરનામે મારા પતિ, મારા બાળકો તથા મારા સાસુ–સસરા સાથે રહું છું. આશરે એકાદ વર્ષ

પહેલા હું તથા મારા મોટો દિકરો જયદિપ ચાલવા ગયેલા અને ઈન્ડિયા કોલોની તરફથી મારા ઘરે પરત આવી રહેલા હતા ત્યારે પાછળથી કોઈ બે ઈસમો બાઈક લઈને આવેલા તેઓએ મોઢા ઉપર કપડું જેવું કંઈક બાંધેલું હતું અને તે બાઈક પર પાછળ બેસેલ ઈસમે કાળા કપડાં પહેરેલ અને તેણે મારા ગળામાં પહેરેલો સોનાની પેન્ડલવાળી ફ્લાવર જેવી ડીઝાઈનવાળી ચેઈન ખેંચીને ઠક્કરનગર નેશનલ હાઈવે નં.૮ એપ્રોચ તરફ ભાગી ગયેલ. આ બાઈકનો નંબર કે નંબર પ્લેટ હાલ હું કહી શકું નહીં. મે બનાવ વખતે પહેરેલ સોનાની ચેઈન અમારા લગ્ન વખતે મારા સસરાએ મને આપેલી. મને મુદ્દામાલ સોનાની ચેઈન બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું. આરોપી કોર્ટમાં હાજર હોય તો હું તેને ઓળખી શકું નહીં. બનાવની ફરીયાદ મે બાપુનગર પોલીસ સ્ટેશનમાં આપેલી. મને નિ.૨/૧ વાળી ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે તે જ છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક-૧૯ આપવામાં આવે છે."

આ ફરિયાદીએ તેણીની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે, "બનાવ બન્યા પછી અમે તે જ દિવસે અમે ફરીયાદ કરવા ગયેલા. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યા તે જાહેર રોડ છે. એ વાત ખરી છે કે, આ હાઈવેની આજુબાજુ દુકાનો આવેલી છે. સાહેદ સ્વચ્છાએ જણાવે છે કે દુકાનો બંધ હતી. હું ફરીયાદ કરવા ગયેલ તે વખતે મારી પાસે સોનાની ચેઈનનું બીલ ન હતું કે તપાસના કામે મે પોલીસને આપેલું નથી. હું એક વખત પોલીસ સ્ટેશન ગયેલી. એ વાત ખરી છે કે, બનાવવાળી જગ્યાની પાસે દિનેશ ચેમ્બર નામની મોટી બિલ્ડીંગ આવેલી છે અને તેની દક્ષિણ દિશાએ પટેલ પાન પાર્લર આવેલું છે."

(૧૪) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૨૦ થી શાહેદ નં.૪ તરીકે શાહેદ **હિતેષ ચંદુભાઈ સોની**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ શાહેદે તેમની **સરતપાસ**માં એવું જણાવેલ છે કે,"હું ઉપરોક્ત સરનામે મારા પત્નિ, મારા બાળકો તથા મારા માતા-પિતા સાથે રહું છું. આશરે એકાદ-બે વર્ષ પહેલા મારી પત્નિ તથા મારો મોટો દિકરો જયદિપ ચાલવા ગયા હતા ત્યારે ઈન્ડિયા કોલોની તરફથી અમારા ઘર તરફ પરત આવી રહ્યા હતા ત્યારે પાછળથી કોઇ બે ઇસમો બાઇક લઇને આવેલા તેઓએ મોઢા ઉપર કપડું જેવું કંઇક બાંધેલું હતું અને તે બાઈક પર પાછળ બેસેલ ઈસમે કાળા કપડાં પહેરેલ અને તેણે મારા પત્નિના ગળામાં પહેરેલો સોનાની પેન્ડલવાળી ફ્લાવર જેવી ડીઝાઇનવાળી ચેઇન ખેંચીને ઠક્કરનગર નેશનલ હાઈવે નં.૮ એપ્રોચ તરફ ભાગી ગયેલ. મારી પત્નિએ બનાવ વખતે પહેરેલ સોનાની ચેઈન અમારા લગ્ન વખતે મારા પિતાએ તેણીને આપેલી. મને મુદ્દામાલ સોનાની ચેઈન બતાવવામાં આવે તો તે હું ઓળખી શકું. બનાવની ફરીયાદ મારા પત્નિએ બાપુનગર પોલીસ સ્ટેશનમાં આપેલી. પોલીસે મારું નિવેદન લીધેલું."

આ શાહેદે તેમની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે,"હું ધોરણ-૧૨ સુધી ભણેલો છું. એ વાત ખરી છે કે, બનાવની મને જાતમાહિતી નથી. એ વાત ખરી છે કે, બનાવની જાણ મને મારા પત્નિએ કરેલી. એ વાત ખરી નથી કે, મારા પત્નિના સમર્થનમાં હું કોર્ટમાં ખોટી જુબાની આપું છું."

(૧૫) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક-૨૫ થી શાહેદ નં.૬ તરીકે તપાસ કરનાર અમલદાર **સંજયકુમાર બળદેવભાઈ દેસાઈ**ને સોગંદ ઉપર તપાસવામાં

આવેલા છે. આ શાહેદે તેમની **સરતપાસ**માં એવું જણાવેલ છે કે, "હું સને ૨૦૨૧ ના વર્ષમાં ડી.સી.બી. પોલીસ સ્ટેશન, અમદાવાદમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન તારીખ ૧૮.૦૨.૨૦૨૧ ના રોજ અમો તથા પી.એસ.આઈ. આર.જી.રાવલ તથા હે.કો. વિક્રમસિંહ, હે.કો.રાકેશસિંહ, હે.કો. રમેશભાઈ, તેમજ અન્ય એક હે.કો. રાકેશસિંહ, પી.સી. પ્રવિણભાઈ, પી.સી. ભાવેશભાઈ અને લોકરક્ષક હરપાલસિંહ નાઓ સાથે સરદારનગર વિસ્તારમાં મહાવીર કસરત શાળા, કુબેરનગર પાસે પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન હે.કો. વિક્રમસિંહ તથા પ્રવિણભાઈ નાઓને બાતમી હકીકત મળેલ કે, રાજીવનગરથી કુબેરનગર બાજુ મહાવીર કસરત શાળાથી એક ભાઈ કે જે જી.જે.૧.એમ.વાય.૭૫૩૫ હિરો હોન્ડા કંપનીનું સીટી ૧૦૦ લઈ ચંદ્રસાગર ઉર્ફે રાહી નાઓ પોતાના કબ્જામાં સોનાની ચેઈન તથા ચોરીનુ મોટર સાયકલ લઈ નિકળેલ છે. જે બાતમી હકીકત મળતા અમો ત્યાં પંચોને જાણ કરી પંચોને પંચમાં રહેવા સમજ કરી. ત્યારબાદ મહાવીર કસરત શાળા આગળ અમો તથા સ્ટાફના માણસો છુટા છવાયા હાજર રહ્યાં. તે દરમ્યાન બાતમીમાં જણાવેલ વર્ણનવાળુ બાઈક તેના ઉપર પીળા અને વાદળી કલરની ટી–શર્ટ અને વાદળી કલરનું ટ્રેક પહેરેલ ઈસમને વિક્રમસિંહ નાઓએ ઓળખીને પંચોને તથા સ્ટાફને ઈશારાથી બતાવેલ. ત્યારબાદ તે બાઈક ચાલકને કોર્ડન કરી પકડી લીધેલ. ત્યારબાદ પોલીસ સ્ટાફના માણસો અને પંચો રૂબરૂ તે ઈસમનું નામઠામ પુછતા તેણે પોતાનુ નામ ચંદ્રસાગર ઉર્ફે રાહી બબરૂવાન ઘમંડે, રહે. નોબલનગર નો હોવાનું જણાવેલ. જેની અંગજડતી તપાસ કરતા તેણે પહેરેલ પેન્ટ ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલી મળેલી. જે પ્લાસ્ટીકની થેલીને પંચો તથા સ્ટાફના માણસોની

હાજરીમાં ખોલીને જોતા તેમાંથી પીળા કલરની ધાતુની અલગ અલગ ડીઝાઈનની ચેઈન નંગ-૧૧ મળી આવેલી જે બાબતે તેમજ તેની પાસેની મોટરસાયકલ વિશે પુછપરછ કરતા તેની પાસે માલિકીના કોઈ પુરાવા ન હતાં. ત્યારબાદ સદર ઈસમ પાસેથી મળી આવેલી પીળા કલરની ધાતુની ચેઈનોની ખરાઈ કરવા બાબતે ગોલ્ડ ટેસ્ટીંગ લેબ, પાનકોરનાકા, અમદાવાદ ખાતે હે.કો. વિક્રમસિંહનાઓને મોકલી આપવા તજવીજ કરેલી. ત્યાં જઈ સદર ૧૧ નંગ ચેઈનો બાબતે ખરાઈ કરાવતા તે તમામ ચેઈનો સોનાની હોવાનું જણાઈ આવેલ. ત્યારબાદ તે તમામ ચેઈનોને અલગ અલગ પારદર્શક પ્લાસ્ટીકની ડબ્બીઓમાં બંધ કરી પંચનામાની વિગતે પંચો રૂબરૂ કબ્જે લીધેલ. તેમજ સદરી ઈસમ પાસેથી મળી આવેલ બાઈક પંચો રૂબરૂ પંચનામાની વિગતે કબ્જે લેવામાં આવેલી. સદર ૧૧ નંગ ચેઈનોનું વજન કુલ્લે ૧૫૫.૨૦૦ ગ્રામ હતુ જેની કિંમત ૬,૯૮,૪૦૦/- તેમજ મોટર સાયકલની કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- એમ કુલ્લે મળીને ૭,૭૮,૪૦૦/- નો મત્તાનો મુદ્દામાલ આરોપી પાસેથી કબ્જે લેવામાં આવેલો. ત્યારબાદ આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૪૧(૧)(ડી) મુજબ અટક કરી ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનમાં લાવેલાં. મને આંક-૫૧ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા બે પંચોની તથા રૂબરૂ તરીકેની મારી સહી છે જે તે જ છે જે હું ઓળખી બતાવુ છું. આરોપીને ઓળખુ છું. સાહેદ ટી.વી.સ્ક્રીનમાં બેઠેલા વ્યક્તિઓ પૈકી એક વ્યક્તિ સામે હાથનો ઈશારો કરી ઓળખી બતાવે છે જેઓને ઉભા કરી નામ પુછતા પોતે પોતાનું નામ ચંદ્રસાગર ઉર્ફે રાહી બાબરૂવાન ઘમંડે હોવાનું જણાવે છે."

આ તપાસ કરનાર અમલદારે તેમની **ઊલટતપાસ**માં એવું જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, મારા પોલીસ સ્ટેશનમાં મારાથી ઉપરી

અધિંકારીઓ ફરજ બજાવતા હતાં. એ વાત ખરી છે કે, ગુના શોધવા માટે અમારા અધિકારીઓ તરફથી અમોને સુચનાઓ આપવામાં આવતી હોય છે. તારીખ ૧૮.૦૨.૨૦૨૧ ના રોજ સવારે અગિયાર વાગે હું પોલીસ સ્ટેશન પહોંચેલો. બાતમી કલાક ૧૪.૪૫ વાગ્યાની આસપાસ મળેલી. કુબેરનગર અમે આશરે કલાક ૧૪.૦૦ વાગે પહોંચેલા. કુબેરનગર અને નોબલનગર વચ્ચેનું અંતર કેટલુ છે તે હાલ મને ખબર નથી. એ વાતની મને ખબર નથી કે, કુબેરનગર ક્રોસીંગ ચાર રસ્તા પાસે સરદારનગર પોલીસ સ્ટેશનના સી.સી.ટી.વી. કેમેરા મુકવામાં આવેલા છે. પંચો બનાવવાળી જગ્યા પાસેથી જ બોલાવેલાં. એ વાત ખરી નથી કે, ક્રાઈમબ્રાંચથી જ પંચો લઈને આવેલાં. એ વાત ખરી નથી કે, પંચનામુ પોલીસ સ્ટેશનમાં બેસીને તૈયાર કરેલું. આ ગુનાના કામની કઈ ચેઈન હતી અને તેનુ કેટલુ વજન હતુ તે મને ખબર નથી. બાઈકની માલિકી બાબતે મેં કોઈ તપાસ કરેલી નથી. એ વાત ખરી નથી કે, મળી આવેલ પીળી ધાતુની ચેઈનની તપાસ જે જગ્યાએ કરાવી તે અમારા ક્રાઈમબ્રાંચની લેબોરેટરી છે. એ વાત ખરી નથી કે, આરોપીને ખોટી રીતે ગુનો કબુલ કરાવેલો છે. પંચનામુ તારીખ ૧૮.૦૨.૨૦૨૧ ના રોજનું છે. એ વાત ખરી નથી કે, મેં તૈયાર પંચનામામાં પંચોની સહીઓ મેળવી લીધેલી. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી આવી કોઈ ચેઈનો મળી આવેલી ન હોવા છતા આરોપીની ખોટી રીતે અટક કરેલી છે."

(૧૬) આ કામે ફરિયાદ પક્ષ તરફે આંક–૨૬ થી શાહેદ નં.**૭** તરીકે શાહેદ **મુકેશકુમાર રશ્મીકાંત શેઠ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. આ શાહેદે તેમની **સરતપાસ**માં એવું જણાવેલ છે કે, "સને ૨૦૨૧ માં અમો બાપુનગર

પોલીસ સ્ટેશન ખાતે સર્વેલન્સ સ્ક્વોડમાં પો.સ.ઈન્સ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.એસ.ઓ. તરફથી ફ.ગુ.ર.નં.૨૫૨/૨૦૨૧ ના કાગળ અમારી તરફ આવતા આ ગુનાના કેસ કાગળો તપાસેલા. ત્યારબાદ આ ગુનાના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ બેપંચોની હાજરીમાં કરવામાં આવેલું. મને આંક–૭ વાળુ પંચનામુ બતાવવામાં આવે છે જેમા બે પંચોની તથા રૂબરૂ બદલની મારી સહી છે જે હું ઓળખી બતાવુ છું. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લેવામાં આવેલાં. ત્યારબાદ ડી.સી.બી. ક્રાઈમ અમદાવાદ ખાતેથી મુદ્દામાલ તથા પકડાયેલ ચોર ઈસમ બાબતે વર્ધી મળતા ગુનાના કામે મુદ્દામાલ મેળવી સદર ગુનાની મુદ્દામાલ પાવતી ફાડવામાં આવેલ. ત્યારબાદ આરોપી ચંદ્રસાગર ઉર્ફ રાહી ઘમંડેને ટ્રાન્સફર વોરંટથી સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતેથી મેળવી આગળની તપાસ અર્થે નામદાર કોર્ટમાંથી રિમાન્ડ મેળવવામાં આવેલ. ત્યારબાદ રિમાન્ડ પુર્ણ થતા આરોપીને સેન્ટ્રલ જેલ ખાતે પરત કરવામાં આવેલ અને આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા પડતા હોય સમય મર્યાદામાં નામદાર કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરેલું. હું આરોપીને ઓળખુ છું. સાહેદ ટી.વી. સ્કિન ઉપર બેઠેલા આરોપીઓ પૈકી એક આરોપી તરફ હાથનો ઈશારો કરી ઓળખી બતાવે છે જેઓને ઉભા કરી નામ પુછતા તેનુ નામ ચંદ્રસાગર ઘમંડે હોવાનું જણાવે છે."

(૧૭) ફરિયાદ પક્ષ તરફે આંક–૬ થી શાહેદ નં.૧ તરીકે પંચ શાહેદ નિરજભાઈ ઉત્તમચંદ અગ્રવાલને, શાહેદ નં.૨ તરીકે આંક–૧૪ થી પંચ શાહેદ રાહુલ રામદત્ત શ્રીવાસને અને શાહેદ નં.૫ તરીકે આંક–૨૧ થી પંચ શાહેદ અલ્તાફહુસૈન આબીદઅલી અંસારીને સોગંદ ઉપર તપાસેલા છે. આ તમામ પંચ

શાહેદોને ફરિયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિદ્વાન એ. પી. પી.શ્રીએ આ ત્રણે પંચ શાહેદોની ઊલટતપાસ કરવા છતાં આ ત્રણે શાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૮) ફરિયાદ પક્ષ તરફથી રજૂ કરવામાં આવેલા ઉપરોક્ત પુરાવાઓનું ઝીણવટભરીરીતે મૂલ્યાંકન કરવામાં આવે તો, આ કામના શાહેદ નં.૩ ફરિયાદી જહાનવીબેન હિતેષભાઈ સોની તથા તપાસવામાં આવેલ શાહેદની જુબાની વંચાણે લેતાં, ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબનો બનાવ બનેલ હોવાનું, એટલે કે, ફરિયાદી તેઓના ઘર તરફ જતા હતા ત્યારે બાઈક પર પાછળ બેઠેલા ઈસમે ફરિયાદીનાં ગળામાં પહેરેલ સોનાની પેન્ડલવાળી ફ્લાવર જેવી ડિઝાઈનવાળી ચેઈન ખેંચી લઈ નાસી ગયેલ. આમ, ફરિયાદ પક્ષના કથન મુજબનો બનાવ બનેલ હોવાની હકીકત મળી આવે છે.

(૧૯) આ કામના આરોપી આક્ષેપિત ગુનામાં સંડોવાયેલા હોવાનું પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષના સમગ્ર કેસનો આધાર આરોપીનાં કબજામાંથી મળી આવેલ મુદ્દામાલનાં શાહેદો ઉપર છે, એટલે કે, ફરિયાદ પક્ષના કથન મુજબ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પો.ઈ.શ્રી પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમની સાથેના પોલીસના માણસોને મળેલી બાતમીવાળું હિરોહોન્ડા આવતા તેને કોર્ડન કરી આરોપીની અંગઝડતી કરતા તેના પેન્ટના ખિસ્સામાંથી પ્લાસ્ટીકની થેલી મળી આવેલ અને તેમાંથી આ ગુનામાં ઝૂંટવી લીધેલ સોનાની ચેઈન પણ આરોપી પાસેથી મળી આવેલ. ફરિયાદ પક્ષના કેસ મુજબ આ બનાવ

તા.૬–૨–૨૦૨૧ ના રોજનો છે, જ્યારે ફરિયાદ પક્ષના કથન મુજબ આરોપી પાસેથી તા.૧૮–૨–૨૦૨૧ ના રોજ આ ગુનામાં ઝૂંટવી લીધેલ મુદ્દામાલ મળી આવેલો છે. ભારતીય પુરાવા ધારાની કલમ–૧૧૪ ની જોગવાઈ જોવામાં આવે તો, ચોરી થયા બાદ તુરત જ કોઈ વ્યક્તિ પાસેથી ચોરીનો મુદ્દામાલ મળી આવે તો તે ચોર હોવાનું અનુમાન કરવાનું રહે છે. આ જોગવાઈમાં 'તુરત બાદ' સંબંધે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલી નથી. ફરિયાદ પક્ષના કેસની હકીકતો મુજબ આક્ષેપિત બનાવ બન્યાના આશરે ૧૨ દિવસ બાદ બનાવમાં ચોરાયેલ મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવેલ છે. આમ, બનાવના લાંબા સમય બાદ આ મુદ્દામાલ આરોપી પાસેથી મળી આવ્યાનું ફરિયાદ પક્ષના શાહેદ નં.૬ ની જુબાનીમાંથી મળી આવે છે. તેટલું જ માત્ર નહીં, ફરિયાદ પક્ષના શાહેદ નં.૬ સંજયકુમાર બળદેવભાઈ દેસાઈ, કે જેઓ બનાવ સમયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતા હતા, તેમની સાથેના કર્મચારીઓને બાતમી મળેલ છે, બાતમીવાળી જગ્યાએ આરોપી આવતા તેમને ઊભા રાખી બે પંચોની હાજરીમાં સમગ્ર કાર્યવાહી કરેલી છે. ફરિયાદ પક્ષ તરફથી શાહેદ નં.૫ તરીકે પંચ શાહેદ અલ્તાફહુસૈન આબીદઅલી અંસારીને આંક–૨૧ થી તપાસવામાં આવેલ છે, જેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં પોલીસે તૈયાર પંચનામામાં સહી મેળવી લીધેલાનું જણાવેલ છે. આમ, ફરિયાદ પક્ષના શાહેદ નં.૬ ની જુબાનીની હકીકતોને પંચ શાહેદની જુબાનીથી સમર્થન મળતું નથી. બાતમીવાળી જગ્યાએ આરોપી મળી આવેલ અને કરવામાં આવેલી કાર્યવાહી દરમ્યાન હાજર એવા અન્ય પોલીસના શાહેદોને તપાસવામાં આવેલા નથી. આ જગ્યા તે જાહેર રોડ છે. આમ આ રોડ ઉપર લોકોની અવરજવર ચાલુ હોવાનું

તેમજ તેની આજુબાજુ દુકાનો તથા મકાનો આવેલ હોવાનું માની શકાય તેમ છે, પરંતુ તપાસ કરનાર અમલદારશ્રીએ આવા કોઈ રાહદારીઓના કે આજુબાજુની દુકાનો/મકાનોનાં માલિક, કબજેદારોનાં નિવેદનો લીધા નથી કે ફરિયાદ પક્ષ તરફથી તેમને શાહેદ તરીકે તપાસવામાં આવેલા નથી. આમ, ફરિયાદ પક્ષના એકમાત્ર શાહેદ નં.૬ સંજયકુમાર બળદેવભાઈ દેસાઈની જુબાનીને અન્ય કોઈપણ જાતના સમર્થનકારી પુરાવાની ગેરહાજરીમાં આધાર રાખી આરોપીને કસૂરવાર ઠરાવી શકાય તેમ નથી. આમ, ફરિયાદ પક્ષ આરોપી સામેનો ગુનો શંકા રહિત પુરવાર કરવામાં નિષ્ફળ જતા હોય, મુદ્દા નં.**૧** નો જવાબ **નકાર**માં આપી, મુદ્દા નં.૨ પરત્વે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

૧. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૧) અન્વયે આ કામના આરોપી ચંદ્રસાગર ઉર્ફે રાહી બબરૂવાન ઘમંડેને ભારતીય દંડ સંહિતાની કલમ-૩૭૯(ક)(૩), ૧૧૪ મુજબના ગુનાઓમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપી હાલના ગુનાના કામે જેલમાં હોય, અન્ય કોઈ ગુનાના કામે આરોપીની જ્યુડીશીયલ કસ્ટડીની જરૂર ન હોય તો, આરોપીને તાત્કાલિક જેલમુક્ત કરવા.

૩. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) અન્વયે જો અપીલ થાય તો આરોપીની હાજરી અપીલ કોર્ટ ખાતે સીક્યોર કરવા માટે આરોપીએ

રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પૂરા) નાં જાત જામીન તથા તેટલી જ રકમના જામીન આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૧ મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુ.અમદાવાદ
તા.૧૧/૧૦/૨૦૨૩

(**હરેશકુમાર હિંમતલાલ ઠક્કર**)
એડીશ્નલ સેશન્સ જજ,
સિટી સેશન્સ કોર્ટ નં.૪,
અમદાવાદ શહેર
(યુનિક કોડ નં. GJ00533)

એમ.ડી.ચાવડા